**ઔદ્યોગિક ન્યાયપંચ અમદાવાદના પ્રમુખ અધિકારીશ્રી બી.એન.પરમાર સમક્ષ,**
**રેફરન્સ (આઈ.ટી.) નં. ૨૨૩/૨૦૧૬**

**પ્રથમ પક્ષકાર :** ચેરમેન/મેનેજીંગ ડીરેકટર,
ડી.બી.કોર્પોરેશન લીમીટેડ,
ભાસ્કર હાઉસ, એસ.જી.હાઈ–વે,
મકરબા, અમદાવાદ.

**વિરૂધ્ધ**

**બીજા પક્ષકાર :** ગુજરાત મજદુર સભા,
૧૦૪, ૧ લો માળ,
મહારાણા કોમ્પ્લેક્ષ,
વી.એસ.હોસ્પિટલ પાસે,
એલીસબ્રીજ, અમદાવાદ–૩૮૦૦૦૬.

**વિષય :** ઔદ્યોગિક વિવાદ ધારો, ૧૯૪૭ અન્વયે ન્યાય નિર્ણય કરવા બાબત.

**<u>પ્રતિનિધિત્વ :</u>**
પ્રથમ પક્ષકાર નં.૧ તરફે : વિ. વકીલશ્રી નરેન્દ્ર.એમ.પટેલ
બીજા પક્ષકાર તરફે તરફે : ગેરહાજર.

–: **<u>એ વો ર્ડ</u>** :–

**(૧)** શ્રમ આયુકતશ્રી, અમદાવાદનાએ તેઓના તા.૩૦–૦૯–૨૦૧૬ ના હુકમ નં. કે.એચ.–એસએચએમસીઆર–ક/૩૩૮૯૭/આઈડીઆર–એ.જે./૧૭૫/૨૧૦૬ થી પક્ષકારો વચ્ચેનો ઉપરોકત બાબતનો ઔદ્યોગિક વિવાદ ન્યાય નિર્ણય કરવા અત્રે સુપ્રત કરેલ હતો, તે અનુસાર ચાલુ હતો, જેની અનુસૂચિ નીચે મુજબ છે.

**–: અનુસૂચિ :–**

(૧) પ્રજાપતિ જયેશ લીલાભાઈને તા.૨–૧–૨૦૧૬ કે જે તબદીલીનો હુકમ તા.૪–૧–૨૦૧૬ ના રોજ રજી.એડી.થી મોકલેલ છે જેમાં અમદાવાદથી જારખંડ ખાતે તબદીલીનું પગલું લેવાનું જણાવેલ છે જે પગલું અયોગ્ય, ગેરવ્યાજબી, મલીન, બદઆશયવાળુ,

કિન્નાખોરીવાળું, ન્યાયી વ્યાજબી ટ્રેડ યુનિયન પ્રવૃત્તિ તોડવા અંગેનું, અયોગ્ય મજુર પ્રથા અંગેનું અને પ્રથમથી જ ગેરકાયદેસર અને રદ છે અને પ્રજાપતિ જયેશ લીલાભાઈને તેઓને હાલની અમદાવાદ ખાતેની ફરજો બજાવતાં અટકાવે નહી અને તેઓને રાબેતા મુજબ તેઓની ફરજો બજાવવા દે અને તેઓને પુરેપુરો પગાર, તમામ ભથ્થાઓ તથા આનુસાંગિક લાભો સાથે નોકરી ઉપર તેઓ ચાલુ છે તે રીતે ચુકવે અને ચુકવતા રહેવા કે કેમ ?

(૨) કંપનીનું મજેઠીયા પે–કમિશનના લાભો માટે લડત આપતા પ્રેસ વિભાગ તથા અન્ય કામદારોને તબદીલીનું હથિયાર ઉગામી અને તે સબંધે તબદીલીના નિર્ણયનો અંગેનું જણાવવાનું અને તે નિર્ણયોના ભાગરૂપ કંપની દ્વારા કામદારોની તબદીલીઓ કરવાનું નકકી કરેલ છે તેવું કૃત્ય તે સ્પષ્ટપણે અયોગ્ય, ગેરવ્યાજબી, મલીન, બદઆશયવાળું, અયોગ્ય મજુર પ્રથાના ભાગરૂપનું કૃત્ય છે અને તે વર્કીંગ જર્નાલીસ્ટ એકટની જોગવાઈઓનું કૃત્ય છે અને તેથી તબદીલી સબંધેના નિર્ણયો અમલ કરવો નહી અને તે સબંધે આગળ ઉપરની કોઈપણ કાર્યવાહી કર્મચારીઓ વિરૂધ્ધ નહી કરવી કે કેમ ?

(૩) કૃપેશ એસ.પટેલ,કમલસીંગ જશરામ બાઘેલ,પ્રશાંત અમરતલાલ લેઉવા, કિરણ ભીમાભાઈ પ્રજાપતિ,રાજકુમાર ભોલેનાથ દુબે, સંકલ્પ ચીમનભાઈ પ્રજાપતિ, રીન્કલકુમાર જી.વરમોરા, કિરીટકુમાર ગોવિંદભાઈ ઠાકોર, ધર્મેન્દ્રસિંહ સંપતસિંહ મહિડા, મીલન કાન્તીલાલ પરમાર, નેત્રા ચામસીંગ ગુરૂંગે, ભાવેશ કાનદાસ દેવમુરારી, ભાવેશકુમાર એન.ગજજર,ચીરાગ રમેશભાઈ પટેલને તથા અન્યને તા.૨–૧–૨૦૧૬ ની કારણદર્શક નોટીસ કમ ચાર્જશીટ અને તે સબંધેની આગળ ઉપરની વિચારવા ધારેલ કાર્યવાહી અનધિકૃત, સતતા વિનાની, ગેરવ્યાજબી , મલીન, બદઆશયવાળી અને કહેવાતા જણાવેલા આક્ષેપો તે માત્રને માત્ર પે–કમિશન મુજબના લાભો ન આપવાના ઈરાદે ઉભા કરવામાં આવેલ છે અને આવી કોઈ ગેરવર્તણુંક કરેલ નથી અને તેથી આ સબંધેની તમામ કાર્યવાહી રદ કરવાની કરેલ છે,જે હાલ ચાર્જશીટ જ આપેલ છે જે મોર્ડન સ્ટેન્ડીંગ ઓર્ડર મુજબ

કોઈપણ સંસ્થા તેના શ્રમયોગીને ચાર્જશીટ આપીને તપાસ કરી શકે જેથી આ માંગણી ન્યાય નિર્ણય અર્થે ભલામણ કરવામાંઆવતી નથી.

(૪) કંપનીના તા.૪–૧–૨૦૧૬ અને તા.૬–૧–૨૦૧૬ ની જાહેરાતના અનુસંધાનમાં કંપની કોઈપણ પ્રકારની જણાવેલ જગ્યા ઉપરની ભરતી કરે નહી અને કરાવે નહીં અને આ સબંધેની જાહેરાત રદ કરે અને કંપની જે કર્મચારીઓ હાલ કામ કરે છે તેઓની જગ્યા ઉપર અન્ય કોઈ કામદાર કર્મચારીને કે અન્ય કોઈ રીતે કોન્ટ્રાકટ કે અન્ય પ્રકારે નોકરી ઉપર લે નહી કે તે સબંધેની કોઈ કાર્યવાહી કરે નહી તેવી માંગણી કરેલ છે પરંતુ સંસ્થામાં શ્રમયોગીઓને લેવા કે ન લેવા એ સંસ્થાનો વહીવટી પ્રશ્ન હોઈ ન્યાય નિર્ણય અર્થે ભલામણ કરવામાં આવતી નથી.

૨. આ કામમાં બીજા પક્ષકારે તા.૨૩–૧–૨૦૧૭ સુધીમાં તેઓનું માંગણાનું નિવેદન રજુ કરવાનું હતું, જે અંગેની નોટિસ તેઓને તા.૨૨–૧૧–૨૦૧૬ ના રોજ ઔદ્યોગિક ન્યાયપંચ દ્વારા પાઠવવામાં આવેલ હતી. જે બીજા પક્ષકારને બજી ગયાનું રેકર્ડ ઉપરથી જણાઈ આવે છે. પરંતુ ઘણો લાંબો સમય વીતી જવા છતાં બીજા પક્ષકાર સબંધીત શ્રમયોગી દ્વારા તેઓના રેફરન્સના કામે માંગણાનું નિવેદન રજુ કરવામાં આવેલ નથી. આથી પ્રથમ પક્ષકાર સંસ્થાના વિ.એડવોકેટશ્રી દ્વારા આંક–૮ થી અરજી આપીને બીજા પક્ષકારનો માંગણાનું નિવેદન રજુ કરવાનો હકક બંધ કરવાની વિનંતી કરતાં બીજા પક્ષકાર સબંધીત શ્રમયોગી તરફથી ઘણો સમય વીતી જવા છતાં તેઓના રેફરન્સ કેસમાં માંગણાનું નિવેદન રજુ કરેલ ન હોઈ, અત્રેના ઔદ્યોગિક ન્યાયપંચ દ્વારા તા.૧૨–૦૯–૨૦૧૮ ના રોજ હુકમ કરીને બીજા પક્ષકાર સબંધીત શ્રમયોગીનો માંગણાનું નિવેદન રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ.

૩. ત્યારબાદ આ કામ બીજા પક્ષકાર સબંધીત શ્રમયોગીના મૌખિક પુરાવા માટે રાખવામાં આવેલ. પરંતુ બીજા પક્ષકારને અનેક મુદૃતો આપવા છતાં અને ઘણો લાંબો સમય થવા છતાં બીજા પક્ષકાર સબંધીત શ્રમયોગીએ મૌખિક પુરાવો રજુ કરેલ નહી. આથી પ્રથમ પક્ષકાર સંસ્થાના વિ.એડવોકેટશ્રી તરફથી આંક–૯ થી પુરસીસ રજુ કરી તેઓ સદર કામમાં

વધુ કોઈ મૌખિક પુરાવો લેવા માંગતા ન હોય તેઓ મૌખિક પુરાવા લેવાનો હકક બંધ જાહેર કરે છે તે મુજબની કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

૪. હાલનો રેફરન્સ ઔદ્યોગિક તકરાર અધિનિયમ–૧૯૪૭ ની કલમ–૭(એ) હેઠળ રચવામાં આવેલ ટ્રિબ્યુનલને તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે સોંપવામાં આવેલ છે. આ કલમ હેઠળ રચાયેલ ટ્રિબ્યુનલને સમુચીત સરકાર ધ્વારા ઔદ્યોગિક વિવાદ ધારો–૧૯૪૭ ની કલમ–૧૦ હેઠળ લેખિત હુકમ કરીને તકરાર ન્યાય નિર્ણય કરવા સારુ મોકલી આપવામાં આવે છે.કલમ ૧૦(૪) હેઠળ ટ્રિબ્યુનલને કોઈ ઔદ્યોગિક તકરાર મોકલવાના હુકમમાં અથવા પછીના કોઈ હુકમમાં સમુચીત સરકારે ન્યાય નિર્ણય માટે તકરારી મુદ્દાઓ નિર્દિષ્ટ્ર કરેલ હોય ત્યારે તે મુદ્દા અને તેને આનુષાંગિક બાબતનો જ ન્યાય નિર્ણય કરવાનો રહેશે તેવી જોગવાઈ કરવામાં આવેલ છે. તેમજ કલમ–૧૦(૮) હેઠળ સોંપવામાં આવેલ ઔદ્યોગિક તકરારના સબંધમાં મજૂર કોર્ટ, ટ્રિબ્યુનલ અથવા રાષ્ટ્રીય ટ્રિબ્યુનલ સમક્ષની નિકાલ બાકી કોઈપણ કાર્યવાહી, તકરારને પક્ષકારો પૈકી કોઈ પક્ષકાર કામદારો હોય અને તેના મૃત્યુને કારણે જ રદ થશે નહી અને આવી મજૂર કોર્ટે, ટ્રિબ્યુનલે અથવા રાષ્ટ્રીય ટ્રિબ્યુનલે આવી કાર્યવાહી પૂરી કરી સમૂચિત સરકારને પોતાનો ચુકાદો સાદર કરવો જોઈશે. તેવી જોગવાઈ કરવામાં આવેલ છે. એટલે કે આ જોગવાઈનું વિસ્તારપૂર્વક અર્થઘટન કરવામાં આવે તો મજૂર કોર્ટ અથવા ટ્રિબ્યુનલને જે તકરારનો ન્યાય નિર્ણય કરવા સારુ સોંપવામાં આવેલ હોય તે કાર્યવાહી રદ થઈ શકતી નથી પરંતુ સોંપવામાં આવેલ કાર્યવાહી પુરી કરીને સમુચિત સરકારને ચુકાદો સાદર કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે. આ અંગે વધુ સ્પષ્ટ્રતા સારુ ઓદ્યોગિક વિવાદ ધારો–૧૯૪૭ ની કલમ–૧૫ પણ ધ્યાને લેવી જરુરી છે કે જે નીચે મુજબ છે.

**કલમ–૧૫ :–**

**મજૂર કોર્ટો, ટ્રિબ્યુનલો અને રાષ્ટ્રીય (નેશનલ)ટ્રિબ્યુનલોની ફરજો :–**

**કોઈ ઓદ્યોગિક તકરાર મજૂર કોર્ટ, ટ્રિબ્યુનલને ન્યાય નિર્ણય માટે મોકલવામાં આવી હોય, ત્યારે તેણે બનતી ત્વરાએ પોતાની કાર્યવાહી**

**કરવી જોઈશે, અને આવી ઔદ્યોગિક તકરાર ઉલ્લેખ કરતા હુકમમાં નિર્દિષ્ટ કરેલી મુદ્દત અથવા કલમ ૧૦ ની પેટા–કલમ(૨)ના બીજા પરંતુક હેઠળ લંબાવેલી વધુ મુદ્દતની અંદર પોતાનો ચુકાદો સમુચિત સરકારને રજૂ કરવો જોઈશે.**

ઉપરોકત કલમ હેઠળ તથા અગાઉ ચર્ચા કર્યા મુજબ કલમ–૧૦ હેઠળ ટ્રિબ્યુનલને સોંપવામાં આવેલ ઓદ્યોગિક તકરારનો ચુકાદો સમુચીત સરકારને રજુ કરવો જોઈશે તેવી જોગવાઈ કરવામાં આવેલ છે. એટલે કે જયારે ટ્રિબ્યુનલને ન્યાય નિર્ણય કરવા સારુ તકરાર મોકલવામાં આવેલ હોય ત્યારે ટ્રિબ્યુનલે તેનો ન્યાય નિર્ણય કરીને તેનો ચુકાદો સમુચીત સરકારને મોકલી આપવાનો હોય છે.આમ ઉપરોકત કલમના અભ્યાસના આધારે એવું સ્પષ્ટપણે કહી શકાય કે મજૂર કોર્ટ, કે ટ્રિબ્યુનલને સોંપવામાં આવેલ ઔદ્યોગિક તકરાર સ્ટેજના કોઈપણ તબકકે રદ કે ઈનફકચ્યુઅસ થઈ શકતી નથી. પરંતુ તેનો જે તે ન્યાય નિર્ણય કરીને તેનો ચુકાદો સમુચીત સરકારને મોકલી આપવાનો હોય છે.

૪. આ કામમાં બીજા પક્ષકાર ધ્વારા તેમના રેફરન્સના કામે તા.૨૩–૦૧–૨૦૧૭ સુધીમાં તેઓનું માંગણાનું નિવેદન રજુ કરવાનું હતું, પરંતુ ઘણો લાંબો સમય વીતી જવા છતાં બીજા પક્ષકારે તેઓનું માંગણાનું નિવેદન રજુ કરેલ નથી. તેમજ રેફરન્સની અનુસુચિમાં માંગ્યા મુજબની દાદ મેળવવા તેઓ હકકદાર થાય છે તે બાબતે કોઈ મૌખિક પુરાવો અત્રે ન્યાયપંચ સમક્ષ હાજર રહી લીધેલ નથી, તેમજ દસ્તાવેજી પુરાવાથી પણ તેઓ રેફરન્સની અનુસુચિમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર થાય છે તેવું પુરવાર કરેલ નથી. આમ, બીજા પક્ષકાર ઔદ્યોગિક ન્યાયપંચ સમક્ષ હાજર રહી તેઓના માંગણાના નિવેદનની હકીકત પુરવાર કરવા સારૂં હાજર રહેતાં નથી. ઉપરોકત સંજોગોમાં બીજા પક્ષકાર યુનીયનને પ્રથમ પક્ષકાર સંસ્થા સામે હાલનો કેસ ચલાવવામાં કોઈ રસ ન હોઈ, આથી બીજા પક્ષકાર સબંધીત શ્રમયોગી રેફરન્સની અનુસુચિમાં જણાવ્યા મુજબની કોઈપણ પ્રકારની દાદ મેળવવા બીજા પક્ષકાર યુનિયન કાયદેસર રીતે હકકદાર થતા નથી તેમ ઠરાવવામાં આવે છે.

અને આ કામે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-: આખરી હુકમ :-**

૧. બીજા પક્ષકારનો રેફરન્સ નામંજુર કરવામાં આવે છે.

૨. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

**સેક્રેટરી**
**અમદાવાદ.**
**તા.૨૮-૧૨-૨૦૧૮**

**(ભદ્રેશ નાનાલાલ પરમાર)**
**ઔદ્યોગિક ન્યાયપંચ,ગુજરાત**
**અમદાવાદ.**
**GJ 00772**

મુકરદમ,પી.એસ.